ગાંધીનગર સમાચાર

સચિવાલય સંકુલમાં વાહનોની હવા કાઢી નાંખતા સિક્યુરિટી ગાર્ડસનો ત્રાસ...!!

## @ગાંધીનગર

● શહેરમાં કોર્પોરેશનની ચુંટણીઓ માટે તમામ વોર્ડમાં સવારે ૮ કલાકે મતદાનનો પ્રારંભ થશે જે સાંજના ૫ કલાક સુધી ચાલશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૨૩ ખાતે આયોજિત ચતુર્થ સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ અંતર્ગત સવારે ૬ કલાકે ગણેશ સ્થાપન, ૮.૩૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કારવિધિ અને બપોર ૩ કલાકે બટુકયાત્રા યોજાશે

● એપોલો ફાર્મસી કુડાસણ ખાતે સવારે ૯ કલાકથી ૧ કલાક દરમિયાન નિઃશુલ્ક બ્લડપ્રેશર તથા બ્લડ સુગર ચેકઅપ કેમ્પ યોજાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સે-૧૭માં ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે ગ્રીષ્મની લહેર શિર્ષક હેઠળ લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક અને હાસ્ય કલાકાર હરિસિંહ સોલંકીનો કાર્યક્રમ યોજાશે.

# કોમ્બીંગ નાઈટમાં દારૂની પેટીઓ પકડાઈ

## આલમપુર પાટીયાથી બાઈક પર બે શખ્સોને પકડયા બાદ ઈકો ગાડીમાં દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા : ચારેયની પુછતાછ બાદ મુખ્ય બુટલેગરને પકડી પાડયો : રૂ. ૪.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૨૩

ચુંટણીને ધ્યાને રાખીને જિલ્લામાં પ્રોહીબીશન ડ્રાઈવ રાખવામાં આવી છે ત્યારે ગઈ કાલે કોમ્બીંગ નાઈટમાં ગાંધીનગર એસઓજીની ટીમે ચુંટણીમાં ડીમાન્ડ વધતા વિદેશી દારૂની હેરાફેરી તેજ બનાવનાર આલમપુરના બુટલેગર તથા તેના ચાર સાગરીતોને પકડી પાડયા હતા. દારૂ સાથે આલમપુર પાટીયાથી બાઈક પર જતા બે શખ્સોને ત્યાર બાદ પાછળ આવતા અન્ય બે સાગરીતોને ઈકો ગાડીમાં દારૂની હેરાફેરી કરતા અને તે લોકો જયાંથી માલ લાવ્યા હતા તે મુખ્ય બુટલેગર સહીત પાંચ શખ્સોની રૂ.૪.૫૭ લાખના મુદ્દામાલ સાથે એસઓજીની ટીમે ધરપકડ કરી લીધી છે. બુટલેગર જીતેન્દ્ર બે દિવસના રિમાન્ડ પર છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે ચુંટણીને ધ્યાને રાખીને પ્રોહીબીશન ડ્રાઈવના



આદેશ કર્યા છે. ગઈ રાત્રે એસઓજી પી.આઈ. પી.બી.ચૌહાણ તથા તેમની ટીમ કોમ્બીંગ નાઈટમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે ચોકકસ બાતમી મળતા એસઓજી પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા કોન્સ્ટેબલ ધીરેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ, અજય સહિતના સ્ટાફના માણસોએ આલમપુર પાટીયા પાસેથી દારૂની હેરાફેરી કરતા શખ્સોને પકડી પાડયા હતા. બાઈક પર દારૂની હેરાફેરી કરતાં બે શખ્સોને પકડીને પુછતાછ કરતા પાછળ એક ઈકો ગાડીમાં અન્ય બે શખ્સો પણ દારૂ લઈને આવતા હોવાની વિગત ખુલી હતી. ઈકો ગાડી પકડીને દારૂ સાથે અન્ય બે શખ્સોને પકડી પાડી ચારેયની પુછતાછ કરતા આલમપુરના બુટલેગર જીતેન્દ્ર બાલુ સોલંકીને ત્યાંથી માલ લાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેને ત્યાં દરોડો પાડી ખેતરમાંથી બીજી દારૂની બોટલો મળી આવતા કુલ ૭૨ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૫૧ નંગ બિયરના ટીનનો જથ્થો એસઓજીએ પકડી પાડયો હતો. પોલીસે બુટલેગર જીતેન્દ્ર સોલંકી ઉપરાંત તેના સાગરીતો પ્રવિણ બબુ સોલંકી, લાલા લક્ષ્મણ ઠાકોર, કીશન નટુ સોલંકી અને કાલુ રૂપસંગ સોલંકી મળી પાંચ શખ્સોની એક બાઈક, ઈકો ગાડી તથા પાંચ મોબાઈલ ઉપરાંત દારૂનો જથ્થો મળી કુલ રૂ. ૪,૫૭,૩૩૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ઉંડી પુછપરછ શરૂ કરી છે. જીતેન્દ્ર સોલંકીના બે દિવસના રિમાન્ડ મંજુર થયા છે તે રાજસ્થાનના બિછુવાડા વિસ્તારમાંથી દારૂનો જથ્થો લાવ્યો હોવાનું ખુલ્યુ છે.

### એલ.સી.બી.એ ફતેપુરામાં દેશી દારૂના સાત અડ્ડાઓ પર દરોડા પાડયા

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે ફતેપુરા સેકટર-૧૫ ખાતે ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર દરોડા પાડયા હતા. દેશી દારૂના સાત અડ્ડાઓ પર સપાટો બોલાવીને સાત મહિલા બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સાતેય અડ્ડાઓ પરથી દેશી દારૂ તથા દારૂ ગાળવા વપરાતા વોશનો નાનો-મોટો જથ્થો મળી આવતા એલસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● નગરના માર્ગો પર ઝળહળી રહેલી એલઈડી સ્ટ્રીટ લાઈટોમાંની ઘણી બધી લબૂક ઝબૂક થયા કરે છે અથવા અધવચ્ચેથી બંધ થઈ જાય છે. જો કે હજુ આ લાઈટો લગાડવાની શરૂઆત હોવાથી પ્રારંભથી જ આ મુશ્કેલીનો હલ શોધી નંખાય તો ભવિષ્યમાં સમસ્યા બનતા અટકશે.

● હાલ ઉનાળાનો સમય હોઈ દિવસ લાંબો હોવાથી મોડે સુધી અજવાળુ હોય છે પરંતુ શહેરની સ્ટ્રીટ લાઈટો દરરોજ નિયત સમય મુજબ ચાલુ થઈ જાય છે. જો સીઝનને ધ્યાનમાં રાખીને અત્યારે સ્ટ્રીટલાઈટો ચાલુ કરવાનો સમય થોડો મોડો કરાય તો ઘણી બધી વિજળીની બચત થઈ શકે તેવું નગરજનોનું માનવું છે.

● ગુડાના સાયકલ શેરીંગમાંથી સાયકલ ભાડે લઈ સ્વર્ણિમ પાર્કના પાર્કિંગમાં પાર્ક કરવાને બદલે ઈકિવપમેન્ટ પ્લાઝામાં કસરત કરવાના સાધનો પાસે પાર્ક કરી બે યુવાનો વોકીંગમાં નીકળી ગયા હતા. પાછા આવ્યા ત્યારે સિક્યુરીટી ગાર્ડે બંને સાયકલની હવા કાઢી નાંખી હોવાથી સવારના પ્હોરમાં તુ તુ મૈં મૈં ના દ્રશ્યો સર્જાયા હતા.

● સે-૩ના ચેહરમાતાના મંદિરે યોજાયેલ મહાચંડી કોટિયાગનું સમાપન થયું છે. સમાપન પ્રસંગે હજારોની સંખ્યામાં ભકતોએ દર્શન તથા મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

● કોર્પોરેશનની ચુંટણીમાં પ્રચાર પડઘમ શાંત થઈ જતા નીચલી પાયરીના કાર્યકરોએ રાહત અને આરામનો દમ લીધો હતો. જો કે ઉપલી પાયરીના નેતાઓ છેલ્લી ઘડીની જડતોડમાં સતત વ્યસ્ત રહી દોડતા જણાયા હતા.

## અંધ વિદ્યાર્થીને એસ્સેલ વર્લ્ડમાં લઈ જવા તૈયારી

અમદાવાદ, તા.૨૩

અંધ વ્યક્તિઓ માટે કાર્યરત બ્લાઈન્ડ ડ્રીમ નામની સ્વૈચ્છીક સંસ્થા તેના સામાજીક કામમાં વધુ એક છોગુ ઉમેરવા જઈ રહ્યું છે. બ્લાઈન્ડ ડ્રીમ સંસ્થાના સ્થાપક ડૉ.સમીરભાઈ મન્સુરી અંધ વિદ્યાર્થીનીઓને વિમાનની સફરની સાથે મુંબઈમાં એસ્સેલ વર્લ્ડની મુલાકાત કરાવશે અને અંધ વ્યક્તિઓને પણ વિવિધ રાઈડસનો અનુભવ મનની આંખો થકી કરાવશે.

ડૉ.સમીરભાઈએ જણાવ્યું હતું કે, આગામી ૨૪મી તારીખે ૫૫ જેટલા બ્લાઈન્ડ વિદ્યાર્થીનીઓને વિમાનની મુસાફરી કરાવશે. આ ૫૫ જેટલી અંધ વિદ્યાર્થીનીઓને મુંબઈમાં ઈસ્કોન મંદિરમાં ઈસ્કોન મંદિરમાં રોકણ કરશે. ત્યાર બાદ તારીખ ૨૫મીએ એસ્સેલ વર્લ્ડની મુલાકાત લેશે અને તારીખ ૨૬મીએ તેઓ પાછા ફરશે. દરેક બ્લાઈન્ડ વ્યક્તિની પણ કેટલી ખ્વાઈશ હોય છે. તેને પુરી કતરવા અમે નાના નાના પ્રયાસો કરી રહ્યા છીએ. બ્લાઈન્ડ યુવક યુવતીઓ માટે સતત કંઈક નવા સેવાકીય કાર્યો કરવા સતત તત્પર એવા ડૉ.સમીર મનસુરી દ્વારા આયોજીત આ એચીવર્સ એવોર્ડઝ કાર્યક્રમમાં બોલીવુડ નિર્મિતા સુભાષધાઈ પણ ખાસ હાજરી આપી હતી.

# સિવિલના આર.ઓ પ્લાન્ટમાંથી સતત વહેતુ પાણી કયારે બંધ થશે..!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાણીની પોંકારો પડી રહી છે તો બીજી તરફ સિવિલ સંકુલમાં ૩ આર.ઓ.પ્લાન્ટમાંથી પાણીના ફુવારા ઉડી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી પાણીનો બગાડ થઈ રહ્યો છે છતા પણ સિવિલમાં રાઉન્ડ લગાવતા કોઈ અધિકારીના ધ્યાને આવતું નથી. શુધ્ધ પાણી આરઓ પ્લાન્ટ લગાવાય છે પરંતુ આ સ્થળે તો આરઓ પ્લાન્ટ જ ગંદકી અને લીલથી ખદબદે છે. આરઓ પ્લાન્ટ પાસેની ગંદકી અને વહેતું પાણી અટકાવવામાં આવે તેવી સિવિલમાં આવતા લાભાર્થીઓની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. દર્દીઓને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે. સંકુલમાં કેટલાંક ઠેકાણે લાગેલા આરઓ પ્લાન્ટ તેમજ વોટરકુલર બંધ હાલતમાં છે. જેને પગલે દર્દીઓ અને સગાસ્નેહીજનોને પાણી માટે નવા બિલ્ડીંગ સુધી લાબા થવુ પડે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. શુધ્ધ પાણી દર્દીઓને મળી રહે તે માટે સિવિલમાં આરઓ પ્લાન્ટ લગાવાયા છે. ત્યારે સિવિલના જુના બિલ્ડીંગમાં તેમજ અન્ય બે સ્થળો પર આવેલા આરઓ પ્લાન્ટમાંથી પાણીના ફુવારા ઉડી રહ્યા છે. પાણીનો બગાડ છેલ્લા ઘણા સમયથી થઈ રહ્યો છે તેમ છતા રોજ સિવિલ સંકુલનો રાઉન્ડ લગાવતા સિવિલના સતાધિશોને આ પાણીનો બગાડ અટકાવવામાં રસ ન હોય તેવું લાગી રહ્યું છે. આ પરિસ્થિતિ હોસ્પિટલના સંકુલમાં ત્રણ સ્થળોએ જોવા મળે છે. પાણીનો થતો બગાડ અટકાવવા માટે અત્યારે હાલ કેમ્પેઈન ચાલી રહ્યા છે. સિવિલ નવા બિલ્ડીંગમાં પાણીના ધાંધિયા છે પાણી ના મળવાથી સ્ટાફ અને દર્દીઓ હેરાન થાય છે. સિવિલમાં વહેતા પાણી અંગે અનેકવાર રજુઆત કરવામાં આવી છે છતા પણ પીઆઈયું વિભાગ તો સિવિલમાં ડોકાતુ જ ના હોય તેવું લાગી રહ્યું છે પીઆઈયુ વિભાગને ફરિયાદ કરીને પણ જાણે સિવિલ તંત્ર પણ થાકી ગયું હોય તેવો ઘાટ ઘડાયો છે. પાણી સહિતની અનેક સમસ્યાઓનો ઝડપી નિકાલ આવે તેવું સિવિલમાં આવતા લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.



# પીંપળજ ગામમાં મંદિરના પ્રવેશ મામલે જૂથ અથડામણ

## દરબારોનું ટોળુ ધોકા-લાકડી લઈને મંદિર સામે આવી ગયુ અને મારી નાંખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો : પોલીસે ટીયરગેસના બે સેલ છોડવા પડયા







ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પેથાપુર-મહુડી રોડ પર સ્થિત પીંપળજ ગામમાં આજે સવારે દરબારોના ટોળાએ ગામના મંદિરે ફુલોના ગરબા વળાવવા આવેલા દલિતોને મંદિરમાં પ્રવેશ ન આપી પથ્થરમારો કરતા ગામમાં વાતાવરણ તંગ બની ગયું હતું. પોલીસે સ્થળ પર બેકાબુ ટોળાને વિખેરવા ટીયરગેસના બે સેલ છોડવા પડયા હતા. પથ્થરમારામાં એક વૃદ્ધાના માથે ગંભીર ઈજાઓ થવા પામી હતી. પેથાપુર પોલીસે ગામના દરબારના ટોળા સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ નવા પીંપળજ ગામનાં જગદીશભાઈ જેણાભાઈ રાઠોડ આજે સવારના અરસામાં ગામના અંબાજી માતાજીના મંદિરે પરિવારજનો સાથે ગયા હતા. પોતાનો બાધાનો માનેલો ફુલોનો ગરબો વળાવવા ગામના મંદિરે જગદીશભાઈ રાઠોડ તથા સ્નેહીજનો પહોંચ્યા ત્યારે ગામના દરબારોએ એક સંપ થઈને આ અંબાજી માતા અમારી છે તમારા દલીતોની નથી તેમ કહી જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારી ગાળાગાળી કરી મુકી હતી. ધોકા અને લાકડીઓ લઈને આવેલા દરબારોનાં ટોળાએ તેમને મંદિરમાં પ્રવેશ ન આપી મારી નાંખવાની ધમકી આપી પથ્થરમારો કરી નાંખ્યો હતો. ગાંધીનગર જિલ્લા પોલિસ અધિક્ષક, એલસીબીની ટીમ, ડીવાયએસપી, સ્થાનિક પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પથ્થરમારામાં ઘાયલ થયેલી વૃદ્ધાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડીને સારવાર અર્થે મોકલી દેવાઈ હતી તો બીજી તરફ બેકાબુ બનેલા ટોળાને વિખેરવા પોલીસે ટીયરગેસના બે સેલ છોડવા પડયા હતા. બે કલાકે મામલો શાંત પડયો હતો. પોલીસે જગદીશભાઈની ફરીયાદ લઈ ૧૯ શખ્સોની નામ જોગ તથા અન્ય ટોળાના માણસો સામે એટ્રોસીટી, ગાળાગાળી, મારી નાંખવાની ધમકી, પથ્થરમારો, ગુનામાં મદદગારી સહિતના ગુનાઓ દાખલ કરી પેથાપુર પીએસઆઈ ડી.બી.વાળાએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## આજે વડનગરા નાગર પરિવાર દ્વારા મેડીકલ ચેકઅપ અને પાટોત્સવ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સ્થિત વડનગરા નાગર પરિવાર દ્વારા તા. ૨૪ એપ્રીલ ને રવિવારના રોજ હાટકેશ જયંતિ નિમિત્તે સમુહ ભોજન અને પરિવારના સભ્યો માટે મેડીકલ ચેકઅપ કેમ્પ રંગોલી સ્કૂલ સંકુલ ચિલોડો ખાતે બપોરે ૩ થી ૮ દરમિયાન યોજવામાં આવેલ છે. પગરવ હોસ્પિટલના સૌજન્યથી યોજાયેલ મેડીકલ ચેકઅપ કેમ્પમમાં જોડાવા સૌ જ્ઞાતિજનોને સંસ્થાના પ્રમુખ સુધીર દેસાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

શુક્રવારને તારીખ ૨૨ એપ્રિલના રોજ સેકટર-૬માં રહેતા દંપતિ કનુભાઈ દવે, પ્રતિભાબેન દવેએ લગ્નજીવનના ૩૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે પોતાના નિવાસસ્થાને સુંદરકાંડનું આયોજન કર્યુ હતું. આવેલ સૌ સ્નેહીજનોએ આ દંપતિને શુભેચ્છાઓ આપી હતી અને સુંદરકાંડનો લાભ લીધો હતો.

# સચિવાલય સંકુલમાં વાહનોની હવા કાઢી નાંખતા સિક્યુરિટી ગાર્ડસનો ત્રાસ...!!

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના નવા સચિવાલય સંકુલમાં પાર્કિંગ લોટમાં પાર્ક કરાયેલ વાહનોની પણ હવા કાઢી નાંખી વાહનચાલકો સાથે સિક્યુરિટી ગાર્ડસ દ્વારા તોછડાઈભર્યુંવર્તન કરવામાં આવતું હોવાની રાવ ઉઠવા પામી છે. છેલ્લા ત્રણેક માસથી આ પ્રકારની ફરિયાદોઓએ જોર પકડયુંછે. સ્વર્ણિમ સંકુલ નજીકના પાર્કિંગ એરિયામાં પાર્ક કરાયેલા ટુ વ્હીલર્સની આ રીતે હવા કાઢી નાંખી ત્રાસ વર્તાવાતો હોવાનુંવાહન ચાલકો જણાવી રહ્યા છે. આ કારણે સચિવાલયના મુલાકાતીઓને ભારે હાલાકીનો ભોગ બનવું પડે છે અને તાત્કાલિક હવા ભરવાના પંપનો ખર્ચો કરવો પડે છે. અથવા વાહનનું ટાયર ખોલીને હવા ભરાવવા લઈ જવું પડે છે. આ કારણે તેમના કામો પણ અટકી જાય છે અને સમય તથા નાણાની બરબાદી થાય છે.

નવા સચિવાલય સંકુલમાં સ્વર્ણિમ સંકુલની ડાબી તરફના પાર્કિંગ લોટમાં જો કોઈ મુલાકાતી કે કર્મચારી તેનું ટુ વ્હીલર પાર્ક કરીને જાય તો તે કામ પતાવી પાછો આવે ત્યાં સુધીમાં તેના વાહનના ટાયરમાંથી હવા કાઢી નાંખવામાં આવી હોય છે. આ હવા કાઢી નાંખવાનું કામ સિકયુરિટી કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે અને જો કોઈ આ બાબત તેમને ફરિયાદ કરે તો અસભ્ય વર્તન તથા

**સ્વર્ણિમ સંકુલની બાજુના પાર્કિંગ એરિયામાં પાર્ક કરાયેલ ટુ-વ્હીલર્સની હવા કાઢી નંખાય છે : ફરિયાદ કરો તો તોછડાઈભર્યા વર્તન અને અપશબ્દોના ભોગ બનવું પડે છે : મુલાકાતીઓના નાણાં અને સમયની બરબાદી થાય છે**

તોછડી ભાષામાં અપશબ્દો સાંભળવા મળે છે. છેલ્લા બે ત્રણ માસથી આ પ્રકારની ફરિયાદો ઉઠી રહી છે અને ગત શુક્રવારે આશરે ૧૦ થી ૧૨ વાહનો તેના ભોગ બન્યા હતા. આમાંથી ઘણા વાહનચાલકોને સચિવાલય સંકુલમાં હવા ભરવાની સગવડ ઉપલબ્ધ ના હોવાથી બજારમાં જઈને રૂ.૨૦૦ના ખર્ચે હવા ભરવાના પંપ ખરીદવા પડયા હતા અને ત્યારબાદ જાતે હવા ભરી વાહન બહાર લઈ જઈ શકયા હતા. આમ સચિવાલયમાં પોતાના કામ માટે આવેલા મુલાકાતીઓને સમય અને નાણાંના વ્યય સાથે અગત્યના કાર્યોથી વંચિત રહેવું પડે છે. વળી, બહારગામથી આવેલા મુલાકાતીઓની હાલત તો વધુ કફોડી થાય છે તેમને બાકી રહી ગયેલા કામ માટે ફરી ધરમધક્કો ખાવો પડે છે.

વાહનમાંથી હવા કાઢી નંખાયાનો ભોગ બનનાર કેટલાક કર્મચારીઓના જણાવ્યા મુજબ પાર્કિંગ લોટમાં સિકયુરિટી ગાર્ડતો ફરજ બજાવતા કોન્ટ્રાકટર કંપનીના આ કર્મચારીઓને અન્યત્ર સ્થળે બદલી લેવી હોઈ આ પ્રકારે મુલાકાતીઓને હેરાન કરાય છે જેથી તેમની ફરિયાદ થાય અને કંપની તેમને આ સ્થળેથી હટાવી અન્યત્ર ડયુટી આપે. આમ તેમનું 'દુઃખે છે પેટ અને કુટે છે માથુ'ની સ્થિતિમાં સૌથી મોટી પરેશાનીના મુલાકાતીઓને ભોગ બનવું પડે છે અને તેમના સમય તથા નાણાંની બરબાદી સાથે માનસિક ત્રાસ પણ વેઠવો પડી રહ્યો છે. વાહનચાલકોને એ પણ મુંઝવણ સતાવી રહી છે કે આ ગાર્ડસને વાહનોમાંથી હવા કાઢવાની સત્તા કોણે આપી અને પાર્કિંગ લોટમાં વાહન પાર્ક કર્યુ હોવા છતાં કોઈ પણ જાતની સૂચના વગર તેઓ આ કૃત્ય કેવી રીતે કરી શકે?

# લોકશાહીના હત્યારાઓને જવાબ આપો : સરદાર પટેલ સેવાદળ

## પાટીદાર જેવા સક્ષમ સમાજને રાષ્ટ્રદ્રોહ-આતંકવાદના આરોપોમાં ફસાવી તોડી નંખાય તો અન્ય સમાજોએ ચેતવાનીજરૂર : ગૌરાંગ પટેલ

ગાંધીનગર, તા.૨૩

'પાટીદાર સમાજ એક સક્ષમ અને મજબૂત સમાજ હોવાની સાથે ભાજપ સાથે સંકળાયેલો હતો. આમ છતાં જયારે પાટીદારો પોતાની યોગ્ય માંગણી લઈને નીકળ્યા ત્યારે ભાજપ સરકારે તેમને રાષ્ટ્રદ્રોહ અને આતંકવાદ જેવા ગુનાઓમાં સંડોવી સમાજને તોડવાનું કાર્ય કર્યુ છે. જો આટલા મજબૂત સમાજની આ હાલત થતી હોય તો અન્ય નાનાને નબળા સમાજના વર્ગો જયારે તેમની કોઈ વ્યાજબી માંગણી લઈને બહાર નીકળશે ત્યારે તેમને પણ આવા અત્યાચારમાંથી પસાર થવું પડશે? આનો મતલબ એ થયો કે લોકશાહીમા કોઈ પણ સમાજને પોતાની વાત મુકવા કે માંગણી રજૂ રવાનો હક નથી. આ રીતે ભાજપ સરકાર ખરેખર તો લોકશાહીનું ગળુ ઘોંટી રહી છે, તેનો જવાબ પ્રજાએ આપવો જ રહ્યો.' સરદાર પટેલ સેવાદળના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ ગૌરાંગ પટેલે આજે જણાવ્યું હતું.

આજે સેકટર-૧૧માં અખબાર ભવન ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા સરદાર પટેલ સેવાદળના કાર્યકરોએ ગાંધીનગરની મહાનગરપાલિકાની ચુંટણીમાં મતદારોને ભાજપ વિરૂધ્ધ મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે પાટીદાર આંદોલન કોંગ્રેસ પ્રેરિત હોવાના ભાજપના આક્ષેપોને ફગાવતા રાજય સરકાર પર લોકશાહીની હત્યા કરવાનો આરોપ મુકયો હતો. સેવાદળના કાર્યકરોએ આ સાથે ભાજપને જવાબ આપવા માટે મનપાની ચુંટણીમાં ભાજપ વિરૂધ્ધ મતદાન કરવા મતદારોને અપીલ કરી હતી. સેવાદળના જિલ્લા અધ્યક્ષ ગૌરાંગ પટેલે જણાવ્યું હતું કે આ બાબત દરેક સમાજને અસર કરતી બાબત છે, જો લોકશાહીમાં કોઈ પણ સમાજ પોતાની માંગણી વ્યકત ના કરી શકે તેને લોકશાહી કેવી રીતે કહેવાય ભાજપને સત્તાના બળે સમાજને તોડવાનું કાર્ય કર્યુ છે તેથી પાટીદાર સહિત અન્ય તમામ સમાજે જાગૃત થઈ આ ચુંટણીમાં ભાજપ વિરૂધ્ધ મતદાન કરી જડબાતોડ જવાબ આપવાની જરૂર છે. સેવાદળના કાર્યકરોએ આ બાબતે અપીલ કરતી પત્રિકાઓનું પણ વિતરણ કર્યુ હતું.

## સદ્ગતનું બેસણું

રમેશચંદ્ર ભાઈશંકર ગોર (દાવડવાળા)નું ગત ૨૪ એપ્રિલ ૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયું હતું. સદ્ગતનું બેસણું આવતીકાલ તા. ૨૫મી એપ્રિલ ૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ પ્લોટનં. ૧૨૫/૨, સેકટર-૬-બી સ્વામિનારાયણ પ્લોટ પાસે ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર સોમીબેન શંકાજી, ઉ.વ. ૮૦